# અમેઠીમાં આપે પ્રચારનું રણશિંગુ ફુંકયું

નવી દિલ્હી,તા. ૧૨

આમ આદમી પાર્ટીએ આજે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના સંસદીય મત વિસ્તાર અમેઠીમાં રેલી યોજીને લોકસભા ચુંટણીને આમ આદમી વિરૂદ્ધ રાજકુમાર બનાવવાની જાહેરાત કરી દીધી હતી. આની સાથે જ પોતાના ચુંટણી અભિયાનની પણ શરૂઆત કરી દીધી હતી. અમેઠીમાં આમ આદમી પાર્ટીએ ચુંટણી અભિયાન માટેનું રણશિંગુ ફૂંકી દીધું હતું. આમ આદમી પાર્ટીના નેતા કુમાર વિશ્વાસની જનવિશ્વાસ રેલી દરમિયાન જોરદાર હોબાળો પણ થયો હતો. રેલી દરમિયાન ભીડમાં કાળા ધ્વજ લઈ પહોંચેલા કેટલાક લોકોએ ધાંધલ ધમાલ પણ મચાવી હતી. આ લોકોએ કુમાર વિશ્વાસની સામે નારાબાજી કરી હતી. કાળા ધ્વજ ફરકાવ્યા હતા. આ વિરોધ



વચ્ચે પણ પોતાના ભાષણમાં કુમાર વિશ્વાસે રાહુલને રાજકુમાર કહીને ટકોર કરી હતી અને પોતાને લોકોના નોકર તરીકે ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે આ વખતે નોકર જ જીત મેળવશે. કુમાર વિશ્વાસે તેમના ભાષણમાં વિરોધ કરી રહેલા લોકોને પડકાર ફેંકતા કહ્યું હતું કે, તેઓ અમેઠી છોડીને જનાર વ્યક્તિ નથી. તેમણે એમપણ કહ્યું હતું કે, વિરોધ કરી રહેલા લોકોમાં હિમ્મત છે તો તેઓ મંચ ઉપર આવીને તેમનો સામનો કરે અથવા તો બહાર મળે. તેમણે એમપણ કહ્યું હતું કે, બિનજરૂરી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. અમેઠીથી ખસી જવાનો કુમાર વિશ્વાસે ઈન્કાર કર્યો હતો. મેદાનમાંથી ભાગી જવા માટે આવ્યા હોવાનો પણ કુમાર વિશ્વાસે ઈન્કાર કર્યો હતો. આગામી ત્રણ મહીનામાં તેઓ નહીં રહેશે તો પણ કોઈપણ કાર્યકર આમ આદમીની ટોપી પહેરીને મેદાનમાં આવશે. રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા કુમાર વિશ્વાસે કહ્યું હતું કે, કોંગ્રેસ વંશવાદની રાજનીતિ રમી રહી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, અમેઠીથી યુવરાજ, રાજા, મહારાણી ખૂબ જીતી ચુક્યા છે. હવે નોકર જીત મેળવશે. રાહુલ ગાંધી ઉપર અમેઠીના મુદ્દાઓને સંસદમાં નહીં ઉઠાવવાનો કુમાર વિશ્વાસે આક્ષેપ કર્યો હતો. વિશ્વાસે પોતાના ભાષણમાં વિદેશમાં સારવાર કરાવવાને લઈને સોનિયા ગાંધી પર પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યુ હતું કે, સોનિયા ગાંધીને ભારતના તબીબો ઉપર વિશ્વાસ નથી જેથી દર વર્ષે વિદેશમાં સારવાર કરાવવા પહોંચે છે. અટલ બિહારી વાજપેયીનો ઉલ્લેખ કરતાં કુમાર વિશ્વાસે કહ્યું હતું કે, તેઓએ દેશમાં ઓપરેશન કરાવ્યું હતું અને સફળ ઓપરેશન થયું હતું. કુમાર વિશ્વાસે અમેઠી રેલીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, તેઓ અમેઠીમાં જ રહેશે અને લોકો માટે લડત ચલાવશે. અમેઠીના લોકોની વર્ષો સુધી અવગણના કરવામાં આવી છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી નિષ્ફળ રહ્યા છે. રાહુલે સંસદમાં તેમના મત વિસ્તાર અંગે કોઈ પ્રશ્ન કર્યા નથી. આદીવાસીના ઘરે બેસીને જમવા કરતા રાહુલે લોકોની ચિંતા તરફ ધ્યાન આપવાની જરૂર છે.

### કુમાર વિશ્વાસના જંગી કાફલા પર પથ્થરમારો

કુમાર વિશ્વાસને અમેઠી પહોંચ્યા બાદ ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. તેમના કાફલા ઉપર નારાજ લોકોએ પથ્થરમારો કર્યો હતો. જોકે પોલીસે પથ્થરમારો કરી રહેલા લોકોને તરત જ ખદેડી દીધા હતા. જોકે લખનઉથી અમેઠી જતીવેળા જગદીશપુર નજીક કેટલાક દેખાવકારોએ તેમને કાળા ધ્વજ દર્શાવ્યા હતા. તેમની કાર ઉપર સાહી ફેંકવામાં આવી હતી. દેખાવકારોનું કહેવું છે કે, તેઓ કોઈપણ રાજકીય પાર્ટી સાથે જોડાયેલા નથી. જોકે આમ આદમી પાર્ટીના લોકોએ આની પાછળ કોંગ્રસનું કાવતરું હોવાની વાત કરી છે. એએપીની રેલીમાં સંજયસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. કુમાર વિશ્વાસ એક લાખ મતે જીતશે તેવો દાવો સંજયસિંહે કર્યો હતો. તેમણે એમપણ કહ્યું હતું કે, રાહુલ ગાંધી જેવા શક્તિશાળી નેતાને તેઓ પડકાર ફેંકી રહ્યા છે. આ અગાઉ લખનઉમાં કુમાર વિશ્વાસની પત્રકાર પરિષદમાં પણ ભારે હોબાળો થયો હતો. તેમના પર ઈંડા ફેંકવામાં આવ્યા હતા અને મુર્દાબાદના નારા પણ લગાવાયા હતા.

## ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને પહોંચી વળવામાં નિષ્ફળતા

નવી દિલ્હી,તા. ૧૨

વર્તમાન નાણાંકીય વર્ષમાં ૪૦,૦૦૦ કરોડના મહત્વકાંક્ષી ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને હાંસલ કરવામાં સફળતા નહી મળે તેવી ગણતરી કરી લીધા બાદ સરકાર હવે તેની નાણાંકીય ખાદ્યને કાબુમાં રાખવા પીએસયુ અને બેંકો પાસેથી ઉંચા ડિવિડન્ડની ઉપર આધાર રાખવાની ગણતરી કરી રહી છે. નાણાં મંત્રાલય દ્વારા ઉંચા ડિવિડન્ડની ચુકવણી કરવા તેમને સમજાવવાના હેતુથી રોકડની સારી સ્થિતી ધરાવતા ઓએનજીસી, કોલ ઈન્ડિયા અને સેઈલ સહિત અનેક બ્લુચીપ કંપનીઓનાવડાઓ સાથે બેઠક યોજવામાં આવી છે. ઉપરાંત મંત્રાલય ઉંચા ડિવિડન્ડ માટે પીએસયુ બેંકોના વડાઓ સાથે પણ વાતચીત કરવામાંઆવી છે. નાણાંકીય ખાદ્યને જીડીપીના ૪.૮ ટકા સુધી મર્યાદિત રાખવાના પાસા પર ચર્ચા કરવામાં આવી રહી છે. બજેટ ૨૦૧૩-૧૪ માટે કેટલીક જોગવાઈ કરવામાં આવી હતી. કોલ ઈન્ડિયાના કેસમાં સરકારે પહેલાથી જ આ કંપનીને ખાસ ડિવિડન્ડની ચુકવણી કરવા અથવા તો ડિસઈન્વેસ્ટમેન્ટ કરવા માટે કહ્યું છે. ડિસઈન્વેસ્ટમેન્ટ સચિવ રવિ માથુરે કહ્યું છે કે અમે ખાસ ડિસઈન્વેસ્ટમેન્ટ અને ડિવિડન્ડની વાત કરી રહ્યા છીએ. ઈન્ડિયન બેંક, સિન્ડીકેટ બેંક, યુનિયન બેંક સહિતની કેટલીક સરકારી બેંકોએ પહેલાતી જ વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી દીધી છે અને અન્ય કેટલીક બેંકો આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે.

સરકારને હજુ સુધી ૩૦૦૦ કરોડ મળ્યા છે. સરકારને હવે ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને પહોંચી વળવામાં સફળતા હાથ નહી લાંગ તેવી વકી છે. ૪૦૦૦૦ કરોડનુ ડિસઈન્વેસ્ટમેન્ટનુ લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. આ નાણાંકીય વર્ષની પુર્ણાહુતિ આડે હવે માત્ર ત્રણ મહિનાનો સમય રહ્યો છે ત્યારે ટાર્ગેટને હવે પૂર્ણ કરી શકાશે નહી. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચોક્સ હિસ્સાને વેચવાની યોજના હાલમાં મોકુફ રાખવામાં આવી હતી. જેથી નાણાં મંત્રાલયની તકલીફમાં વધારો થયો છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા જોરદાર વાંધો ઉઠાવ્યા બાદ હિસ્સેદારી વેચવાની યોજના મોકુફ કરવામાં આવી હતી. આઈઓસીમાં ૧૦ ટકા હિસ્સો વેચવાથી ૪૫૦૦ કરોડની રકમ મળી હોત. વર્ષ ૨૦૧૩-૧૪ના બજેટમાં સરકારે પીએસયુ પાસેથી ડિવિડન્ડ તરીકે ૨૯૮૭૦ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના બનાવી હતી.

## મેઘાલય : અથડામણમાં ચાર બળવાખોરો અંતે ઠાર મરાયા

### એક કલાક સુધી પોલીસ દળની સાથે અથડામણ


શિલોંગ,તા.૧૨

મેઘાલયના પશ્ચિમી ગારોહિલ્સ જિલ્લામાં પેટ્રોલ પંપ નજીક આજે થયેલી ભીષણ અથડામણમાં ચાર સશસ્ત્ર બળવાખોરો ઠાર થયા હતા. પોલીસ સાથેની આ અથડામણમાં ફરાર થવા માટે બળવાખોરોએ પોલીસ ટુકડી ઉપર ક્રૂડ બોમ્બ ઝિંક્યા હતા. આ બનાવ જીલ્લા હેડક્વાર્ટરના પરા વિસ્તારમાં કેરાપારા નજીક બન્યો હતો. સ્પેશ્યલ પોલીસ ટુકડીને અસામાજિક તત્વો અંગે બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસે જાળ બિછાવી હતી. જીલ્લા હેડક્વાર્ટરથી થોડાક કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારી મુકેશસિંહે માહિતી આપતા કહ્યું છે કે, પેટ્રોલ પંપ નજીક બળવાખોરોએ ગ્રેનેડ ઝિંક્યા હતા. જેના કારણે કેટલાક વાહનોને નુકશાન થયું હતું. ત્યારબાદ બળવાખોરોએ પોલીસ ટીમ ઉપર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ અથડામણ આશરે એક કલાક સુધી ચાલી હતી. ઠાર થયેલા બળવાખોરો પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો મળી આવ્યા હતા. મળી આવેલા વિસ્ફોટકોમાં આઈઈડી, રોકેટ, પિસ્તોલ, ઓટોમેટિક રાઈફલ અને પરંપરાગત તીરકામઠાનો સમાવેશ થાય છે. પોલીસે કહ્યું છે કે,બળવાખોરો કેટલાક આદિવાસી લોકોના પણ સંપર્કમાં હતા.

## કાતિલ ઠંડી યથાવત : લેહમાં તાપમાન રેકોર્ડ માઈનસ ૧૯

શ્રીનગર,તા. ૧૨

ઉત્તર ભારતમાં કાતિલ ઠીથી લોકોને કોઈ રાહત મળી રહી નથી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં રેકોર્ડ નીચુ તાપમાન થઈ ગયું છે. લડાખ પ્રદેશના લેહમાં તાપમાન માઈનસ ૧૯ ડિગ્રીની સપાટીએ પહોંચ્યું છે. જમ્મુ કાશ્મીરમાં સિઝનનુ સૌથી ઓછુ તાપમાન નોંધાયું છે. બીજી બાજુ ઉત્તર ભારતના રાજ્યોમાં ધુમ્મસ અને હાડ ગાળે તેવી ઠંડીના કારણે જનજીવનને પ્રતિકુળ અસર થઈ છે. શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કાશ્મીરમાં રાત્રી તાપમાન માઈનસમાં રહ્યું હતું.



લેહમાં આજે સવારે માઈનસ ૧૮.૯ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જે સિઝનમાં જમ્મુ કાશ્મીરમાં નોંધાયેલા કોઈ પણ જગ્યાએ કરતા ઓછુ તાપમાન છે. લડાખ પ્રદેશના કારગિલમાં માઈનસ ૧૬.૬ ડિગ્રી તાપમાન થઈ ગયું છે. જ્યારે પહલગામમાં માઈનસ ૧૨.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. ગુલમર્ગમાં માઈનસ ૧૦.૮ ડિગ્રી તાપમાન રહ્યુંછે. જમ્મુ શહેરમાં લઘુમત તાપમાન ૫.૯ ડિગ્રી રહ્યું છે. કાતિલ ઠંડીના કારણે પાણીના સંશાધનોને ખરાબ અસર થઈ છે. પાણીના પાઈપમાં બરફ જામી ગઈ છે. આગામી ૧૨ કલાક દરમિયાન લોકોને કોઈ રાહત નહી મળે તેવી શક્યતા છે. તીવ્ર ઠંડીના કારણે જમ્મુ-કાશ્મીરમાં ફરવા માટે આવી રહેલા લોકોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ દેશના મેદાની ભાગોમાં સ્થિતિમાં કોઈ વધારે ફેરફાર થયો નથી. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશમાં તાપમાન એકથી પાંચ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના જુદા-જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને માઠી અસર થઈ છે. હાઈવે ઉપર વાહનોની અવર જવર ઘટી ગઈ છે. ધુમ્મસના કારણે અકસ્માત થવાના કિસ્સાઓમાં હાલમાં વધારો થયો છે. દિલ્હીમાં હાલમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી જેના કારણે સેંકડો ફ્લાઈટોને રદ કરવામાં આવી હતી. જોકે હવે સ્થિતિમાં સુધારો થયો છે.

## ૨૬ કોલસા બ્લોકની ફાળવણી રદ કરવા સંદર્ભે ટૂંકમાં નિર્ણય

નવી દિલ્હી,તા.૧૨


સરકાર વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૯ વચ્ચેના ગાળામાં કરવામાં આવેલી ૨૬ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા અંગેના એટર્ની જનરલના સૂચનને સ્વીકારી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર ઉપર દિનપ્રતિદિન દબાણ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર પાસે વધારે વિકલ્પ રહ્યા નથી. કેન્દ્ર સરકાર જુદા જુદા પાસાંઓ ઉપર વિચારણા કરી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભ્રષ્ટાચારને લઈને સરકાર ઉપર તીવ્ર દબાણ આવી ચૂક્યું છે. આવી સ્થિતિમાં સરકાર ઝડપથી નિર્ણય કરવા માટેની તૈયારીમાં છે. કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું છે કે એટર્ની જરનલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી ચૂકી છે. કેન્દ્ર સરકારના નિર્ણય ઉપર હવે તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આગામી સપ્તાહમાં કેન્દ્ર સરકાર આ સંદર્ભમાં જવાબ આપનાર છે. સરકારને હજુ પણ કૌભાંડની દહેશત છતાવી રહી છે. જો સરકાર લોકસભાની ચૂંટણીમાં આક્રમક રીતે મેદાનમાં ઉતરવા માગે છે તો કેટલાક કઠોર નિર્ણય લેવા પડશે. કોલસા બ્લોકની ફાળવણી રાજકીય રીતે ખૂબ જ જટિલ મુદ્દો છે. તેને લઈને નિર્ણય કરવાની બાબત સરકાર માટે સરળ રહેશે નહીં.

## સલમાનની જય હો ફિલ્મના પ્રચારમાં હવે આમિર વ્યસ્ત

મુંબઈ,તા. ૧૨

ધુમ-૩ ફિલ્મના પ્રમોશનમાં સલમાન ખાને ભુમિકા ભજવ્યા બાદ હવે તેના મિત્ર આમિર ખાને પણ તેની ફિલ્મ જય હો માટે પ્રમોશન કરવાની તૈયારી કરી લીધી છે. આમિર ખાને થોડાક દિવસો પહેલા જ કહ્યું હતું કે, તે પોતાના મિત્ર માટે કંઈપણ કરવા માટે તૈયાર છે. સુપર સ્ટાર સલમાન ખાને તેના રિયાલિટી શો બિગબોસ-૭માં ધુમ-૩નો પ્રચાર કર્યો હતો. હવે આમિર ખાન જય હો ફિલ્મ માટે પ્રચાર કરનાર છે. અલબત્ત આમિર ખાન તેની સુપર હિટ એકશન થ્રિલર ફિલ્મની રજુઆત પહેલાં ટીવી ઉપર પ્રમોશનલ રાઉન્ડથી દૂર રહ્યો હતો. પરંતુ સલમાને આ જવાબદારી સંભાળી હતી. ફિલ્મના પ્રમોશન માટે સલમાને તેના શોમાં આમિર ખાનની કેપ પહેરી હતી.

આમિર ખાનો હવે માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વીટર પર જણાવ્યું છે કે, જય હો ફિલ્મના આડે ૧૨ દિવસનો સમય રહ્યો છે. આ ફિલ્મ નિહાળવા માટે આમિર ખાન તેના ચાહકોને કહી ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૪માં



કોમેડી ફિલ્મ અંદાજ અપના અપનામાં આ બન્નેએ એક સાથે ભૂમિકા ભજવી હતી. સલમાનની ફિલ્મ જય હો ૨૪મીએ રજુ થનાર છે. એક પછી એક તમામ ફિલ્મો સલમાનની બોક્સ ઓફિસ ઉપર સુપરહીટ રહ્યા બાદ જય હો ફિલ્મ રજૂ થનાર છે. તેના ગીતો પહેલાથી જ લોકપ્રિય થઈ ચુક્યા છે. આ ફિલ્મમાં તેની સાથે તબ્બુ, સુનિલ શેટ્ટીની પણ મુખ્ય ભૂમિકા છે. સલમાન પોતે જુદા-જુદા કાર્યક્રમોમાં આ ફિલ્મના પ્રચાર માટે નજરે પડી ચુક્યો છે.

### લાલુને સજા થતાં દુવિધા

## બિહારમાં ગઠબંધનને લઈ કોંગ્રેસ દુવિધામાં

નવી દિલ્હી,તા.૧૨

આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવ અને એલજેપીના વડા રામવિલાસ પાસવાન બંને કોંગ્રેસના ટોચના નેતાઓને મળ્યા હોવા છતાં બિહારમાં ગઠબંધનના મુદ્દે કોંગ્રેસ પાર્ટી અસમંજસની સ્થિતિમાં છે. સૂત્રોનું કહેવું છે કે બિહારમાં પક્ષના કેટલાક નેતાઓનો મત છે કે આરજેડી સાથે સંબંધ સ્થાપિત કરવા જોઈએ પરંતુ રાહુલ ગાંધીની નજીકના રહેલા કેટલા લોકો કોંગ્રેસ-આરજેડી સંબંધોને લઈને નાખુશ છે. કારણ કે ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુ યાદવને થોડાક દિવસ પહેલાં જ અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ જેલની સજા પણ ફટકારવામાં આવી હતી. જો કે લાલુ યાદવને હાલમાં જામીન મળ્યા હતા. ભ્રષ્ટાચારની છાપને લઈને કોંગ્રેસ હવે મેદાનમાં ઉતરવા ઈચ્છુક નથી. આ જ કારણસર કોંગ્રેસના કેટલાક નેતાઓ લાલુ સાથે સંબંધ સ્થાપિત કરવા ઈચ્છુક નથી. કોંગ્રેસના કેટલાક નેતાઓ એમ પણ માને છે કે ગયા વર્ષે જૂનમાં ભાજપ સાથે સંબંધ તોડી લેનાર જેડીયુ સાથે જોડાણ વધારે યોગ્ય રહેશે. કારણ કે નીતિશ કુમારની પાર્ટી સારી સ્થિતિ ધરાવે છે.

## ટોપ ૬ કંપનીઓની મૂડીમાં ૩૮,૩૬૨ કરોડનો વધારો

મુંબઈ,તા.૧૨

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ટોચની છ બ્લુચીપની કંપનીઓએ તેમની માર્કેટ મૂડીમાં ૩૮૩૬૨ કરોડ રૂપિયા ઉમેરી લીધા છે. છેલ્લા સપ્તાહ દરમિયાનને ટીસીએસને સૌથી વધારે ફાયદો થયો છે. ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. ટીસીએસ ઉપરાંત આઈટીસી, ઓએનજીસી, સીઆઈએલ, ભારતીય એરટેલ અને સનફાર્માની માર્કેટ મૂડીમાં વધારો થયો છે જ્યારે આરઆઈએલ, ઈન્ફોસીસ, એચડીએફસી બેંક, વિપ્રોને ફટકો પડ્યો છે. આ ચાર કંપનીઓએ તેમની માર્કેટ મૂડી ૪૪૭૪ કરોડ ગુમાવી દીધી છે. ટીસીએસની માર્કેટ મૂડી ૧૧૭૧૩ કરોડ રૂપિયા વધીને ૪૪૯૪૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટોચની ૧૦ બ્લુચીપ કંપનીઓમાં ટીસીએસનું વર્ચસ્વ યથાવત્ રહ્યુંછે. કોલ ઈન્ડિયાની માર્કેટ મૂડીમાં ૬૯૧૬ કરોડ રૂપિયાનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ૧૮૨૩૫૩ કરોડ થઈ ગઈ છે. જ્યારે ઓએનજીસીની માર્કેટ મૂડીમાં ૬૮૪૪ કરોડનો વધારો થયો છે જેથી તેની મૂડી વધીને ૨૪૨૮૦૪ કરોડ થઈ ગઈ છે. સનફાર્માની માર્કેટ મૂડીમાં



૬૧૫૮ કરોડ રૂપિયાનો વધારો થયો છે. આની સાથે જ તેની માર્કેટ મૂડી ૧૨૬૨૭૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આઈટીસીની માર્કેટ મૂડી પણ ઉલ્લેખનીય રીતે વધી છે. આઈટીસીની માર્કેટ મૂડી ૨૫૫૮૮૦ કરોડ થઈ ગઈ છે. આની બિલકુલ વિરુદ્ધમાં કેટલીક કંપનીઓની માર્કેટ મૂડીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આરઆઈએલની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ૨૫૯૫ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. જેની તેની માર્કેટ મૂડી ઘટીને ૨૭૬૯૦૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઈન્ફોસીસે ૯૫૧ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. આની સાથે જ તેની મૂડી ૨૦૩૭૯૦ કરોડ થઈ છે. માર્કેટ મૂડીની દૃષ્ટિએ વિપ્રોને પણ નુકસાન થયું છે.

વિપ્રોની મૂડીમાં ૬૪૧ કરોડનો ઘટાડો થતા તેની માર્કેટ મૂડી ઘટીને ૧૩૬૭૨૫ કરોડ થઈ ગઈ છે. ટોપ ટેન કંપનીઓની યાદીમાં ટીસીએસનું વર્ચસ્વ યથાવત્ રહ્યું છે. ત્યારબાદ આરઆઈએલ, આઈટીસી, ઓએનજીસી, ઈન્ફોસીસ, સીઆઈએલનો સમાવેશ થાય છે. બેન્ચમાર્ક સેન્સેક્સમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ઘટાડો થયો હતો. સતત બીજા સપ્તાહમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સે ૯૩ પોઈન્ટ ગુમાવી દેતા શુક્રવારના દિવસે સેન્સેક્સ ૨૦૮૫૮ની નીચી સપાટીએ રહ્યો હતો. આવતીકાલથી નવા કારોબારની શરૂઆત થશે ત્યારે બજારમાં ફરી એકવાર માર્કેટ મૂડીને વધારવાને લઈને તીવ્ર સ્પર્ધા જામે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## ભારતીય ટીમ ન્યુઝીલેન્ડના પ્રવાસે રવાના : ૧૯થી મેચ

મુંબઈ,તા. ૧૨

કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ પાંચ વનડે મેચ અને બે ટેસ્ટ મેચોની શ્રેણી રમવા માટે આજે સવારે મુંબઈથી ન્યુઝીલેન્ડ જવા માટે રવાના થઈ હતી. ભારતીય ટીમના ખેલાડીઓ ભારે લડાયક મુડમાં દેખાઈ રહ્યા છે. તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામે હાર ખાધા બાદ ટીમ ઈન્ડિયા લોકોની અપેક્ષા મુજબ દેખાવ કરવા માટે તૈયાર છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વનડે મેચોની શરૂઆત ૧૯મીથી થશે. ૧૯મી જાન્યુઆરીના



દિવસે નેપિયરમાં પ્રથમ વનડે મેચ રમાશે. ત્યારબાદ છેલ્લી વનડે મેચ ૧૫મી જાન્યુઆરીના દિવસે ઓકલેન્ડમાં રમાશે. વનડે શ્રેણી પૂર્ણ થયા બાદ ટેસ્ટ શ્રેણી રમાશે. પ્રથમ ટેસ્ટ મેચ ઓકલેન્ડમાં છઠ્ઠી ફેબ્રુઆરીથી ૧૦મી ફેબ્રુઆરી દરમિયાન રમાશે. જ્યારે બીજી ટેસ્ટ મેચ ૧૪મીફેબ્રુઆરીથી ૧૮મી ફેબ્રુઆરી વચ્ચે વેલિગ્ટનમાં રમાશે. ટેસ્ટ શ્રેણી રમતા પહેલા ભારતીય ટીમ બે દિવસીય અભ્યાસ મેચ પણ રમશે. ટેસ્ટ ખેલાડી ચેતેશ્વર પુજારા, ઝહીરખાન, મુરલી વિજય અને ઉમેશ યાદવ આજે રવાના થયા ન હતા. તેઓ એક સપ્તાહ બાદ રવાના થશે. ભારતીય ટીમ દ્વિપક્ષીય શ્રેણી માટે કુલ નવમી વખત અને વર્ષ ૨૦૦૮-૦૯ બાદ પ્રથળ વખત ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરી રહી છે. આફ્રિકાના પ્રવાસમાં ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેનો ફલોપ રહ્યા હતા.

## એચઆઈવી ઈન્ફેકશનમાં ૫૬ ટકાનો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી,તા.૧૨

ભારતમાં નવા એચઆઈવી ઈન્ફેકશનગ્રસ્તની સંખ્યામાં ૫૬ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે જે ખૂબ જ સારા સંકેત છે. ચાર વર્ષના ગાળામાં એચઆઈવી ઈન્ફેકશનમાં ૫૬ ટકાનો ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્રમાં પણ રાહત થઈ છે. આગામી દિવસોમાં એચઆઈવી ઈન્ફેકશનને રોકવા વધુ આક્રામક પગલાં લેવામાં આવે તેવા સંકેત પણ મળી રહ્યા છે. ભારતે કહ્યું છે કે વર્ષ ૨૦૧૨ માટે સારવાર લક્ષ્ય પણ વધારમાં આવ્યો હતો. ૩.૪ લાખના ટાર્ગેટ સામે હાલમાં જીવન રક્ષક એન્ટીક રેટ્રો વાઈરલ થેરાપી પર ૪.૪૮ લાખ એચઆઈવી પોઝીટિવ દર્દીઓ છે. અનએડ એચઆઈવી એઈડ્સ રિપોર્ટ ૨૦૧૧ જારી કરાયા બાદ કેટલીક નવી બાબતો એચઆઈવી વસ્તીને જ સૌથી લોએસ્ટ એચઆઈવી સારવાર પૈકીની એક એરઆરટી મળે છે. આમા જણાવવામાં આવ્યું છે કે સગર્ભા મહિલાઓ પૈકી ૪૦ ટકાથી ઓછી મહિલાઓ બાળકોમાં એચઆઈવી ઈન્ફેકશનને રોકવા એઆરટી મેળવે છે. ભારતમાં ૪૦ ટકા લોકો એવા છે જે તેમના એચઆઈવી સ્ટેટસને પણ જાણતા નથી જેથી સારવાર ઉપર તેમને કઈ રીતે મૂકી શકાય છે તે એક મોટો પ્રશ્ન થઈ જાય છે.

વર્ષ ૨૦૧૦માં ૨.૭મિલિયન એચઆઈવી ઈન્ફેકશનની સંખ્યા વર્ષ ૨૦૦૬થી ૨૦૧૦ વચ્ચે ૪૦ ટકા સુધી ઘટી છે. ભારતમાં પણ નવા એચઆઈવી ઈન્ફેકશનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જ્યારે બીજી બાજુ પૂર્વીય યુરોપ અને મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને ઉત્તર




એઆઈવી ઈન્ફેકશન નોંધાયા હતા. જ્યારે એઈડ્સ સાથે સંબંધિત માંદગીના કારણે ૧.૮ મિલિયન લોકોનો મોત થયા હતા. એચઆઈવી સારવારને લઈને સંખ્યા પણ વધી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નવા એચઆઈવી ઈન્ફેકશનમાં વિશ્વના મોટાભાગના સ્થળોમાં ઘટાડો થયો છે. દક્ષિણ અને પૂર્વ એશિયામાં આફ્રિકામાં નવા એચઆઈવી ઈન્ફેક્શનની સંખ્યામાં વધારો થયો છે. દક્ષિણ અને દક્ષિણ પૂર્વ એશિયામાં વર્ષ ૨૦૧૦માં નવા એચઆઈવી ઈન્ફેકશનનો આંકડો ૨.૭ લાખ હતો જે વર્ષ ૧૯૯૬ની સરખામણીમાં ૪૦ ટકા ઓછો છે. ભારતમાં એચઆઈવી સાથે ગ્રસ્ત લોકોની સંખ્યા સૌથી વધુ છે છતાં ભારતમાં આમાં ૫૬ ટકાનો ઘટાડો નોંધાયો છે.